"સુજલામ સુફલામ જળ અભિયાન"
અંતર્ગતના કામો કરવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ , પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક :- એમઆઈસેલ / જળસંગ્રહ /૫૮૯ /૨૦૧૮/
તા.૦૨/૦૬/૨૦૧૮

વંચાણે લીધા:

(૧) જળ સંપત્તિ વિભાગનો એમઆઇસેલ/જળસંગ્રહ/૫૮૯/૨૦૧૮ તા.૨૭/૪/૨૦૧૮ નો ઠરાવ

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો જીએમઆર/૧૦૨૦૧૮/૭૪૯/છ તા.૦૨/૦૫/૨૦૧૮ નો ઠરાવ

આમુખ :-

જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સબંધિત વિભાગો દ્વારા વિવિધ કામો વિભાગના સરખા ક્રમાંકના તા. ૨૭/૪/૨૦૧૮ ના ઠરાવથી પ્રસિધ્ધ થયેલ સૂચના અન્વયે માહે મે-૨૦૧૮ દરમ્યાન હાથ ધરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે જળસંગ્રહનાં કામો જેવા કે તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ, હયાત જળાશયોનુ ડીસીલ્ટીંગ, શહેરોમાંથી પસાર થતી નદીઓમાં થતુ પ્રદુષણ અટકાવવાની કામગીરી તેમજ નદીઓના કાંઠાઓ ઉપર વૃક્ષારોપણ કરવુ, નદીના પ્રવાહને અવરોધરૂપ ગાંડાબાવળ, ઝાડી-ઝાંખરા દુર કરવા,ટેરેસ/વન તલાવડી,નદીને પુન:જીવિત કરવી, શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇનોમાં વાલ્વમાંથી થતા પાણીનો બગાડ રોકવો,ડીસેલીનેશનની કામગીરી,પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ વગેરે કામગીરી જુદા જુદા વિભાગો દ્વારા કરવામાં આવેલ છે.

લોકલાગણીને ધ્યાને લઈને તેમ જ હાલના પ્રગતિ હેઠળના કામોને પૂર્ણ થવા માટે તા.૩૧/૦૫/૨૦૧૮ની મુદત વધારવાની જરૂરીયાત જણાતાં, આ બાબતે સમગ્રતયા વિચારણાને અંતે સદર "સુજલામ સુફલામ જળ અભિયાન" ને તા. ૩૧/૫/૨૦૧૮ ને બદલે તા. ૮/૬/૨૦૧૮ સુધી ચાલુ રાખવા માટે નક્કી કરવામાં આવેલ છે.

ઠરાવ :-

"સુજલામ સુફલામ જળ અભિયાન" ને તા. ૩૧/૫/૨૦૧૮ ને બદલે તા. ૮/૬/૨૦૧૮ સુધી ચાલુ રાખવા માટે ઠરાવવામાં આવે છે. જળ સંપત્તિ વિભાગના તા. ૨૭/૪/૨૦૧૮ ઠરાવ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૨/૦૫/૨૦૧૮ ના ઠરાવમાં રોયલ્ટી માફી સહિતની તમામ નિર્દિષ્ટ જોગવાઈઓ પણ તા.૦૮/૦૬/૨૦૧૮ સુધી અમલમાં રહેશે. આ જોગવાઇ ફક્ત તા.૩૧/૦૫/૨૦૧૮ ના રોજ જે કામો પ્રગતિમાં હોય તે કામોને જ લાગુ પડશે. તા.૦૧/૦૬/૨૦૧૮ થી તા.૦૮/૦૬/૨૦૧૮ સુધી આ યોજના હેઠળ અન્ય નવા કામો હાથ ધરી શકાશે નહિ. તેમજ આ કામગીરી માટે નિયત પત્રકમાં દૈનિક અહેવાલ જળસંપત્તિ વિભાગે રજુ કરવાનો રહેશે. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ તથા માન.મુખ્ય મંત્રીશ્રીની મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

ખાસ ફરજ પરનાઅધિકારી (સિં.યો.)
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર.

નકલ સાદર રવાના પ્રતિ,

(૧) માનનીય મુખ્ય મંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
(૨) માનનીય મંત્રીશ્રીનાં અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર (તમામ)
(૩) માનનીય રાજ્યકક્ષાનામંત્રીશ્રીના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર (તમામ)
(૪) તકેદારી આયુક્તશ્રી, ગુજરાત તકેદારી આયોગ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
(૫) સચિવશ્રીઓ ના અંગત મદદનીશશ્રી, સચિવાલય,ગાંધીનગર(તમામ)
(૬) કલેક્ટરશ્રીઓના અંગત મદદનીશશ્રી (તમામ)
(૭) સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ, ગાંધીનગર
(૮) ખાસ સચિવશ્રી (જ.સં) ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને કલ્પસર વિભાગ
(૯) સર્વે મુ.ઇ.અને અ.સ.શ્રીના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ, સચિવાલય,ગાંધીનગર
(૧૦) નાણાકીય સલાહકારશ્રી (જ.સં), સચિવાલય, ગાંધીનગર

(૧૧) મેનેજિંગ ડીરેકટરશ્રી, ગુજરાત જળસંપતિ વિકાસ નિગમ લી. સેકટર ૧૦, ગાંધીનગર
(૧૨) મુખ્ય ઇજનેર અને નિયામકશ્રી, વાલ્મી, આણંદ
(૧૩) સર્વે ઉપ સચિવશ્રીઓ (તાંત્રિક), સચિવાલય, ગાંધીનગર
(૧૪) સર્વે અધીક્ષક ઇજનેરશ્રીઓ ન.જ.સં.પા.પુ અને ક. વિભાગ
(૧૫) સર્વે પ્રોજેક્ટ શાખા (ક-૧, ક-૨,ક-૩, જ, એમઆઇસેલ,ક-૭), સચિવાલય, ગાંધીનગર
(૧૬) સીલેકટ ફાઇલ